# ખેડબ્રહ્મા તાલુકાનાં સાકરીયા ફળામાં આવેલી શાળામાં રોડનો અભાવ

## શિક્ષકો રેસ્ક્યુ કરીને બાળકોને સ્કુલે લઇ જાય છે





ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા તાલુકાના ગામે શાળાએ જતાં બાળકો ચોમાસાની શરૂઆતથી જ ભયંકર સંઘર્ષનો સામનો કરી રહ્યાનું સામે આવ્યુ છે. ઘેરથી શાળાએ જતા સરેરાશ એક કિલોમીટરની વધુના માર્ગમાં બાળકોને શારીરીક પરિક્ષા આપવી પડે છે. રસ્તામાં પાણી ભરાઈ રહેતા ખાડામાં પડી જવાની તેમજ કોઈ દુર્ઘટના થવાની બીક વચ્ચે પ્રાથમિક શાળાના બાળકો શિક્ષણનું ભાથું લેવા મથી રહ્યા છે. પંચાયતની વિભાગની નિરસતાને પગલે રસ્તો વર્ષોથી હાડમારીભર્યો છે.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સાકરીયાફળો પ્રાથમિક શાળાના બાળકો દૈનિક સંઘર્ષ કરી રહ્યા છે. મોટાબાવળ ગ્રામપંચાયતની શાળાએ જતા સરેરાશ એક કિલોમીટર સુધી કાચો માર્ગ છે. માર્ગ વચ્ચે નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતા બાળકો ભયંકર મુશ્કેલી વેઠી પસાર થઈ રહ્યા છે. પાક્કો માર્ગ શાળાથી સરેરાશ એકથી દોઢ કિલોમીટર દૂર હોઈ રસ્તો પસાર કરતા બાળકો આકરી મુશ્કેલી સહન કરી રહ્યા છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, શાળાએ જતો માર્ગ છેલ્લા કેટલાય વર્ષોથી કાચો હોઈ ગ્રામપંચાયત મારફત રજૂઆત થયેલી છે. જોકે ગ્રામપંચાયત, તાલુકા અને જીલ્લા પંચાયત તેમજ ધારાસભ્ય સહિતના દ્વારા નિરસતા દાખવવામા આવી હોવાનું સામે આવ્યુ છે. જેનાથી ચોમાસા દરમ્યાન શાળાએ જતા બાળકો પડી જવાની બીક વચ્ચે હાડમારીભર્યો રસ્તો પસાર કરવા મજબૂર છે. સમગ્ર મામલે શાળાના આચાર્ય દિનેશ કટારાએ જણાવ્યુ હતુ કે, શાળા સુધીનો માર્ગ પાક્કો ડામરનો કરી આપવા સરપંચને રજૂઆત કરેલી છે. જેમાં સરપંચે મામલો ઈજનેર સમક્ષ હોવાનું જણાવેલું છે. ઉલ્લેખનિય છે કે, વર્ષોથી કાચો માર્ગ હોઈ અનેક ગ્રાન્ટ અને યોજનાઓ વચ્ચે બાળકોની પરીસ્થિતિ સામે નજર અંદાજ કરવામાં આવતા ગંભીર બાબત સામે આવી છે.

### બાળકો તણાંઇ જતા બચ્યા, સંભવિત દુર્ઘટના સામે કોની જવાબદારી ?

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને પગલે સાબરકાંઠા જીલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જેમાં ખેડબ્રહ્મા તાલુકાના સાકરીયાફળો પ્રાથમિક શાળાએ જતા પુર જેવી પરિસ્થિતિ સામે આવી હતી. શાળાએ જતા બાળકો તણાઈ જવાની ભિતિ વચ્ચે શિક્ષક સહિતના દોડી આવી ચેનલ બનાવી બાળકોને જોખમ સામે રક્ષણ પુરુ પાડ્યું હતુ. વિડીયોમાં દેખાતી ભયાનકતા જોતા જો કોઈ દુર્ઘટના બની હોત તો જવાબદારી કોની ? તે સહિતના સવાલો સત્તાધીશો માટે ગંભીર કહી શકાય.

# અમદાવાદમાં હજુ સુધી ૨૦ ઈંચ વરસાદ

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદ શહેરમાં પણ વરસાદી માહોલ જારી રહ્યો છે. અમદાવાદમાં મોડી રાત્રે હળવા વરસાદની શરૂઆત થયા બાદ સવારમાં પણ અનેક જગ્યાઓએ ધીમીગતિએ અને કેટલાક વિસ્તારમાં મધ્યમ વરસાદ થયો હતો.

અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પણ હજુ એક અથવા બે વરસાદના ઝાપટાઓનો દોર જારી રહી શકે છે. બીજી બાજુ ભારે વરસાદ માટેની ચેતવણીમાં હવે અમદાવાદનો સમાવેશ રહ્યો નથી જેથી આંશિક રાહત મળી છે.





અરવલ્લી જિલ્લાના, ધનસુરા તાલુકાના શીકા કંપામાં ગત સાંજે સાતથી નવ વાગ્યા સુધીમાં છ ઈંચ સુધી વરસાદ ખાબકતા ખેડૂતોના મહામુલો પાક તથા બંધ પાળા તથા નહેરને મોટું નુક્સાન પહોંચાડ્યું છે. આજુબાજુના ગામો શીકા કંપા મલેકપુર, રમાણાની સિમોમાં ભારે નુક્સાન થયેલ છે. શીકા કંપાની પ્રાથમિક શાળા તેમજ ચોકીદાર મકાનમાં ઢીંચણ સામા પાણી ભરાઈ ગયા હતા. ગામના ખેડૂત ચંદુભાઈ રવજીભાઈ પટેલ તેમજ વસંતભાઈ અબજીભાઈ પટેલ તેમજ જંયતીભાઈ શામજીભાઈ, અંબાલાલ શામજીભાઈ વિગેરે અનેક ખેડૂતોના પાક મગફળી, કપાસ, દિવેલા, તુવેર તેમજ મકાઈ જેવા પાકોને ધોવાણથી ખૂબ નુક્સાન થયેલ છે.

# ડીસા તાલુકાના થેરવાડા ગામના ખેતરમાં કેબલ ચોરી કરતી ગેંગ ઝબ્બે

## ડીસા તાલુકાના થેરવાડા ગામે છેલ્લા ઘણા સમયથી ખેડૂતના ખેતરમાંથી ઈલેક્ટ્રીક વાયરોની ચોરી થતી હતી જે અંગે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ઇલેક્ટ્રિક વાયરોની ચોરી કરતી ગેંગને ઝડપી લીધી હતી

ડીસા

ડીસા તાલુકાના થેરવાડા ગામે છેલ્લા ઘણા સમયથી કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ખેડૂતોના ખેતરમાંથી ઈલેક્ટ્રિક વાયરોની ચોરી કરી પલાયન થઈ જતા હતા. થેરવાડા ગામમાં રહેતા વિરાભાઈ દેવજીભાઈ ચૌધરીના ખેતરમાં કોઈ અજાણ્યા ત્રણ ઈસમો આવ્યા હતા. જેના પર શંકા જતા વિરાભાઈ ચૌધરીએ પીછો કરતા તેઓ નાસી છૂટયા હતા. જોકે આ મામલે તેઓએ ગ્રામજનોને જાણ કરી હતી બાદમાં ગામના એક દુકાનમાં સીસીટીવી કેમેરાના આધારે આ ત્રણ લોકો કોણ છે તેની ઓળખ થવા પામી હતી. જેથી ગ્રામજનોએ તપાસ કરી આ ત્રણે શખ્સોને લૂમખા તળાવ પાસેથી ઝડપી લઈ પોલિસને જાણ કરી હતી. જેથી પોલીસે આ ગુનામાં સંડોવાયેલ નટુજી જગતુંજી ઠાકોર રહે ભડથ, પુનમજી જવાનજી ઠાકોર રહે બુરાલ તથા રાજુભાઈ અમથાભાઈ ઠાકોર રહે વિઠોદર પાસેથી ૧૮૨૫ના ઈલેક્ટ્રિક વાયરોનો મુદ્દામાલ ઝડપી લીધા હતા અને તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# પ્રાંતિજ મુખ્ય બજારમાં આવેલ દૂધની દુકાનમાં ચોરી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મેનબજારમાં આવેલ દૂધની દુકાનમાં રાત્રીના સમયે તસ્કરો પાછળથી બારી તોડી દુકાનમાં ઘુસી દુકાનમાંથી ૪૫૦૦૦ની રોકડ ઘુસીને રોકડ રકમ પરચુરણ સહિત કુલ ૪૫૦૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરીની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, દૂધ ઘર દુકાન માલિક સંગીતાબેન નિરવભાઈ



રકમની ચોરી કરી પલાયન થતાં દૂધ ઘર દુકાન માલિક દ્વારા પોલીસને જાણ કરવામાં આવી.

પ્રાંતિજના હાર્દ સમાન બજારચોક દેસાઈની પોળ ખાતે આવેલ શ્રીકૃષ્ણ દૂધ ઘર દુકાનની પાછળના ભાગેથી બારી તોડી અજાણ્યા તસ્કરો દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં ગલ્લામાં રહેલ રોકડા તથા પરચુરણ મળીને કુલ ૪૫૦૦૦ની ચોરી કરી પલાયન થયા હતા. બજાર વચ્ચોવચ્ચ દુકાન હોવાથી રાત્રીના સમયે પોલીસ અને હોમગાર્ડ જવાનો દુકાનની આગળ ચોકી કરતા રહી ગયાને તસ્કરો દુકાનની પાછળથી દુકાનમાં મોદી દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી તો બજારમાં અન્ય વેપારીઓ દ્વારા લગાવેલ સીસીટીવી કેમેરા પોલીસ દ્વારા ચેક કરતાં કોઈ બંધ અને કોઈ વેપારીઓએ માત્ર શટરના તાળા પુરતા મર્યાદાદિત હતા. વેપારીઓ દ્વારા કેમેરા ખાલી દેખાવ પુરતા લગાવેલ હોય તેવું હાલ તો સ્પસ્ટ જણાઈ આવે છે. ત્યારે હાલ તો દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરાના ફૂટેજ આધારે પ્રાંતિજ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવા મા આવી છે.

# અંબાજી ગ્રામ પંચાયત તરફથી નડતરરૂપ દબાણ દૂર કરાયા

અંબાજી, તા. ૨૮

શકિત, ભકિત, આસ્થા, શ્રદ્ધા અને ભાવનો સંગમ એટલે જગ વિખ્યાત ધામ અંબાજી. હાલ અંબાજી તરફ જઈયે તો પહાડો પર કુદરતી સૌંદર્ય સોળે કળાયે ખીલી ઉઠ્યું છે. અરવલ્લીના પહાડોમાં આવનારા દિવસોમા ''બોલ મારી અંબે જય જય અંબે''નો નાદ સાંભળવા મળશે ત્યારે ભાદરવી મહામેળા શરૂ થવાના આગોતરા આયોજનની કામગીરી હાલ પૂર્ણતાના આરે છે. ત્યારે આજે પ્રસિદ્ધ ધામ અંબાજી ખાતેના બજારોમાં અંબાજી ગ્રામ પંચાયત તરફથી નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.આજે ૧૧ વાગે અંબાજી ગ્રામ પંચાયત અને અંબાજી પોલીસના સહયોગથી અંબાજીના નડતરરૂપ દબાણો જેવા કે પાટ, લારી અને છજા જેવા બહાર રહેલા દબાણો હટાવી માર્ગ ખુલ્લા કરવામા આવ્યા હતા. કોઈજ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.



આજે ભાદરવી મહામેળાના ભાગરૂપે માર્ગ ઉપરના નાના દબાણો અંબાજી ગ્રામ પંચાયત તરફથી દૂર કરવાની કામગીરી ખોડી વડલી સર્કલથી જુના બજાર થઈ હાઈવે માર્ગ ઉપરના નાના નાના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. અંબાજી ગ્રામ પંચાયતના સેક્રેટરી અને સ્ટાફ દ્વારા આજે પોલીસના કાફલા સાથે દબાણો દૂર કરાયા હતા અને માર્ગો ખુલ્લા કરવામા આવ્યા હતા. આ દબાણ હટાવવા માટે અંબાજી ગ્રામ પંચાયત તરફથી ૫ દિવસ અગાઉ જાહેરાત કરાઈ હતી. આમ હવે આ માર્ગો ઉપરથી માઈ ભક્તો આસાનીથી ચાલી શકશે. આવનારા સમયમા ૭ દિવસ અંબાજી ખાતે ભાદરવી મહાકુંભ ૭ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર સુધી ચાલશે ત્યારે આ મેળામા અંદાજે ૩૦ થી ૩૨ લાખ ભક્તો આવવાનો અંદાજ સેવાઈ રહ્યો છે. આજે અંબાજી ગ્રામ પંચાયતના સેક્રેટરી વી.ડી. જોષી, સરપંચ કલ્પનાબેન પટેલ, મખનસિંહ ચૌહાણ અને ઘનશ્યામભાઈ લીંબાચિયા સાથે અંબાજી પીઆઈ કે.એસ. ચૌધરી હાજર રહ્યા હતા.

## અરવલ્લી ડીઈઓ કચેરીમાં અપૂરતા સ્ટાફના પગલે જિલ્લાની

# હાઈસ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારીઓના કામ ટલ્લે ચઢ્યા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અપૂરતા સ્ટાફના અભાવે જીલ્લાભરની હાઈસ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારીઓના કામકાજ સમયસર ન થતા કર્મચારીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. રાજ્ય સરકાર તરફથી જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં કામના ભારણ સામે પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. છઠ્ઠા તેમજ સાતમા પગારપંચના એનએક્સર અને સ્ટીકરની કામગીરી ઉપરાંત જીપીએફ, ઉચ્ચતર પગાર અને એરિયર્સ બિલો સહિતની કામગીરી ખોરંભે ચડી છે તદઉપરાંત ગાંધીનગરની કચેરીમાંથી સ્ટીકરની પુરતતા માટે ૫૦થી વધુ કેસો પરત આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાનું વિભાજન થયે છ વર્ષ ઉપરાંતનો સમય વીતી ચુક્યો છે. જીલ્લામાં ધણી ખરી કચેરીઓનો હજુ શુભારંભ થવાનો પણ બાકી છે. જોકે જે પણ કચેરીઓ શરૂ કરાઈ છે તેના વહીવટમાં પણ મોટા પ્રમાણમાં વહીવટી લાલિયાવાડી જોવા મળી રહી છે. ખાસ કરીને જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સ્ટાફના અભાવે કર્મચારીઓના કામો અટવાઈ પડ્યા છે. છેલ્લાં ઘણાં સમયથી કેટલાંક કર્મચારીઓ દ્વારા પગાર બીલો તેમજ એરિયર્સ બિલોની ફાઈલો શિક્ષણાધિકારી કચેરીમાંજમા કરાવ્યા છતાંઆ ફાઈલો પસ્તી બની પડી રહી છે. જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના અણઘડ વહીવટને કારણે શિક્ષણ ક્ષેત્રના ઘણાં કર્મચારીઓ પોતાને મળતાં લાભ મેળવવા વારંવાર કચેરીના ધરમધક્કા ખાવા પડી રહ્યાં છે.

અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં અપૂરતા સ્ટાફના અભાવે વહીવટીય કામગીરીને જાણે ગ્રહણ લાગ્યું છે. જિલ્લાની શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓના છઠ્ઠા તેમજ સાતમા પગારપંચના બીલો માટે જરુરી એનએક્સર અને સ્ટીકરની કામગીરી ઉપરાંત જીપીએફ ઉપડની તથા નવીન નંબર મેળવવાની દરખાસ્તો સહિત જી.પી.એફ.ની કામગીરી, ઉચ્ચતર પગાર ધોરણના લાભો શાળાઓમની નિભાવ ગ્રાન્ટ સહીત એરિયર્સ બિલો અંગેની કામગીરી અટવાઈ પડી છે. જીલ્લામાં ઘણા કર્મચારીઓ લાંબા સમયથી નીવૃત થતા તેમનાં પેન્શનનો લાભ મેળવવા જરુરી સ્ટીકર હજુ સુધી કચેરી મારફત મળી શક્યા નથી. નામ ન આપવાની શરતે શિક્ષકોએ જણાવ્યું હતું કે છઠ્ઠા અને સાતમા પગારપંચનો લાભ મેળવવા ગાંધીનગર કચેરીમાં મોકલી દેવાતાં સ્ટીકર મેળવવાની માટે પુરતતા વગરના ૫૦ થી વધુ કર્મચારીઓના કેસો પરત આવી હોવાનું શિક્ષણ ક્ષેત્રના કર્મચારીઓ જણાવી રહ્યાં છે. સ્ટાફના અભાવે શિક્ષણાધિકારી કચેરીના હાજર કર્મચારીઓ પણ દુરની શાળાઓમાંથી આવતા કર્મચારીઓને અન્ય ટેબલ પર જવાની ખો આપી જવાબદારીમાંથી છટકી રહ્યાં છે અને જે કર્મચારીઓને સ્ટીકરની કામગીરી સોંપાઈ છે તેમને કોર્ટ કેસોમાં હાજરી આપવા જવું પડી રહ્યું છે.

# કુલ ૩૮.૬ ટકા લોકોને બ્લડ પ્રેશરના ખોટા નિદાનનો ભય

## નવ મહિનાના ગાળામાં ૧૫ રાજ્યોના ૧૨૩૩ ડોક્ટર્સ દ્વારા ૧૮૯૧૮ લોકોના બ્લડ પ્રેશરની કરાયેલી ચકાસણી

અમદાવાદ, તા.૨૭

દેશના પંદર રાજયોના ૩૫૫ શહેરોમાં સૌપ્રથમવાર એક બહુ મહત્વનો ઈન્ડિયન હાર્ટ સ્ટડી(આઈએચએસ) હાથ ધરવામાં આવ્યો હતો. એરિસ લાઈફ સાયન્સીસ દ્વારા બત્રા મેડિકલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટરના નેજા હેઠળ હાથ ધરાયેલા આ સ્ટડી સર્વેમાં ઈન્વેસ્ટિગેટર્સે નવ મહિનાનાં ગાળામાં ૧૫ રાજ્યોમાં ૧૨૩૩ ડોક્ટર્સ દ્વારા ૧૮,૯૧૮ (પુરુષો અને મહિલાઓ બંને) સહભાગીઓનાં બ્લડ પ્રેશરની ચકાસણી કરી હતી. સહભાગીઓનાં બ્લડ પ્રેશર પર સતત સાત દિવસ માટે ઘરે દિવસમાં ચાર વાર નજર રાખવામાં આવી હતી. જેમાં એવા મહત્વના તારણો સામે આવ્યા હતા કે, સમગ્ર ગુજરાતમાં ૧૯.૯ ટકા લોકો વ્હાઈટ-કોટ હાયપરટેન્શન ધરાવે છે, ત્યારે ૧૮.૭ ટકા લોકોમાં માસ્કડ હાયપરટેન્શન જોવા મળ્યું હતું, જેથી લગભગ ૩૯ ટકા લોકો ખોટું નિદાન થવાનું જોખમ (વ્હાઈટ-કોટ હાયપરટેન્શન) અને નિદાન ચુકી જવાનું જોખમ ધરાવતાં હતાં (માસ્કડ હાયપરટેન્શનનાં કેસમાં). ડોકટરના દવાખાનામાં બ્લડપ્રેશરની માપણી એ વ્હાઈટ-કોટ હાયપરટેન્શન કહેવાય છે, જયારે ઘરમાં રાહતભર્યા માહોલમાં મપાતા બ્લડપ્રેશરને માસ્કડ હાયપરટેન્શન કહેવાય છે. જે પૈકી ઘરના વાતાવરણમાં માપવામાં આવતું બ્લડપ્રેશર ખૂબ અગત્યનું ગણી શકાય એમ અત્રે એરિસ લાઈફસાયન્સિસનાં મેડિકલ પ્રેસિડન્ટ ડો. વિરાજ સુવર્ણા અને અપોલો સીવીએચએફ ક્લિનિકનાં કાર્ડિયોલોજિસ્ટ અને આઈએચએસનાં કો-ઓર્ડિનેટર ડો. સમીર દાણીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે વ્યક્તિનું બ્લડ પ્રેશર રીડિંગ ડોક્ટરની ઓફિસમાં સાધારણ હોય, પણ ઘરે વધારે હોય, ત્યારે માસ્કડ હાયપરટેન્શન હોવાનું મનાય છે. બીજી તરફ, વ્હાઈટ-કોટ હાયપરટેન્શન એટલે દવાખાનામાં જ લોકોનું બ્લડ-પ્રેશર સાધારણ સ્તરથી વધારે જોવા મળે છે.

### છલકાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમ.સી.એમ.ની છે. આ એસ્કેપમાંથી છોડવામાં આવી રહેલ પાણી સાંજે સાત વાગે સે. ૩૦ નજીક આવેલ ફ્રેન્ટાવેલ સુધી પહોંચ્યુ હતુ અને વહેલી સવારે સંત સરોવર પહોંચી જશે તેમજ એક વખત તેનો પ્રવાહ શરૂ થયા બાદ તે ઝડપથી ભરાવાનો શરૂ થશે. ગાંધીનગરના સંત સરોવરમાં પહેલીવાર સુજલામ સુફલામ કેનાલ એસ્કેપમાંથી પાણી પહોંચી રહ્યુ છે. સામાન્યતઃ તે ધરોઈ ડેમમાંથી છોડાતા પાણીથી ભરાતો હતો. આ સંત સરોવરમાં પાણી ભરાતાં જિલ્લાના ૧૪ ગામોના ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે તેમજ પાણીની સમસ્યા પણ શહેર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં હળવી થશે.

### સ્કવોર્ડ રચાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રકારના મકાનમાં બિન અધિકૃત કબજો હોવાથી કર્મચારીઓને મકાન ફાળવવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. જેને ધ્યાને લઈ આગામી દિવસોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા સ્કોવોર્ડની રચના કરી સેકટરોમાં તપાસ કરાશે. સેકટરોમાં જુદી જુદી કેટેગરીના મકાનોને બિનઅધિકૃત કબજા મુક્ત કરવા માટે સ્થળ પર તપાસ કરી કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાશે.

### દહેશત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આમછતા નગરની વિવિધ શાળાઓમાં મચ્છરોથી બચવા માટે ડ્રેસ કોડનો પણ અમલ થતો નથી. નગરની પ્રિ સ્કુલોમાં પણ આ સ્થિતિ છે.ફોગીંગ અને દવા છંટકાવના સહીત મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે તંત્ર નિરસતા સેવી રહ્યુ છે. મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે જરૂરી કોઈ પગલા લેવાતા નથી. વિદ્યાર્થીઓ રોગચાળાનો શિકાર ન બને તે માટે આરોગ્ય તંત્ર અને કોર્પોરેશન કક્ષાએથી મચ્છરોને ડામવા કોઈ અસરકારક પગલા લેવાયા નથી. સે-૨૪ ની છાપરા વસાહત આસપાસ પણ ખદબદતી ગંદકી વચ્ચે રોગચાળોએ માથુ ઉંચક્યુ છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન રોગચાળાએ જોર પકડયુ છે. આગામી દિવસોમાં પણ ડેન્ગ્યુ મેલેરિયાના દર્દીઓ વધવાની સંભાવાના છે. ખાનગી દવાખાના પણ તાવના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે શહેરમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા નક્કર પગલા લેવાય તે અત્યંત અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

### એટીએમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય બેંકો પણ આને ફરજિયાત કરી શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે આરબીઆઈના આદેશને તમામ બેંકોને પાળવાના રહેશે. એટીએમ ફ્રોડને રોકવા માટેના કઠોર આદેશ જારી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ના ગાળા દરમિયાન દિલ્હીમાં ૧૭૯ એટીએમ ફ્રોડની ઘટના બની હતી. આ મામલે દિલ્હી, મહારાષ્ટ્રથી કેટલાક અંતરે સ્થિત છે. વર્ષ ૨૦૧૮-૧૯માં દેશમાં ફ્રોડના મામલા ૯૮૦ સુધી પહોંચી ગયા હતા. તે પહેલા મામલાની સંખ્યા ૯૧૧ રહી હતી. જાણકાર નિષ્ણાંતો હવે કેટલાક સુરક્ષા પાસા પર પણ ચર્ચા કરી રહ્યા છે. જેમાં પૈસા ઉપાડી લેવાના મામલે એકાઉન્ડ હોલ્ડરને એલર્ટ કરવાની બાબત સામેલ છે. ઓટીપી મોકલવાની બાબત આમાં સામેલ રહેલી છે. એટીએમની સંખ્યાને ઘટાડી દેવાના મામલે પણ ચર્ચા થઈ છે.એટીએમથી થનાર મોટા ભાગની છેતરપિડી રાતના સમય એટલે કે અડધી રાતથી લઈને વહેલી સવાર સુધી થાય છે.

### કેન્દ્રને નોટિસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે જે જમ્મુ કાશ્મીરમાંથી અન્ય વકીલ શકીર શબ્બીરની જેવી જ રજૂઆત છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાંથી મુખ્ય રાજકીય પાર્ટી નેશનલ કોન્ફરન્સ દ્વારા પણ ૧૦મી ઓગસ્ટના દિવસે અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રાજ્યના દરજ્જામાં કરવામાં આવેલા ફેરફારથી તેમના જનમત વગર પણ નાગરિકો પાસેથી અધિકારો આંચકી લેવામાં આવ્યા છે.

### આંશિક રાહત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધી રહી છે. ઈડીએ પણ આ મામલામાં પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમની પુછપરછ કરવા માટે તેમને રિમાન્ડ પર લેવાની અરજી દાખલ કરી છે. અલબત્ત ચિદમ્બરમ પોતાના વકીલો મારફતે આનો વિરોધ કરી રહ્યા છે. મંગળવારના દિવસે પણ આ મામલામાં સુનાવણી પુર્ણ થઈ શકી ન હતી જેથી આ સુનાવણી આજે આગળ વધી હતી. આજે સુનાવણી દરમિયાન તર્કદાર દલીલોનો દોર ચાલ્યો હતો. ઈડીના વકીલ તુષાર મહેતાએ ચિદમ્બરમની રિમાન્ડની માંગ કરીને કહ્યું હતું કે, ચાર્જશીટ ફાઈલ કરવામાં આવે ત્યાં સુધી તેઓ તપાસ રિપોર્ટ ચિદમ્બરમને શેયર કરવાની સ્થિતિમાં નથી. ઈડીએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, તેઓ સીલ કવરમાં આપવામાં આવેલા રિપોર્ટને જોઈ શકે છે. બીજી બાજુ ઈડીએ સુપ્રીમ કોર્ટમાં એવી રજૂઆત પણ કરી હતી કે, કોઈ અજાણ વ્યક્તિ અથવા તો ઓછી શક્તિશાળી વ્યક્તિ મની લોન્ડરિંગ કરી શકે નહીં. આના માટે મોટી યોજનાની જરૂર પડે છે. આ સમગ્ર યોજનાના ભાગરુપે કાર્યવાહી કરવામાં આવી હતી. ઈડીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, આઈએનએક્સ મિડિયા કેસમાં હજુ પણ મની લોન્ડરિંગનો મામલો ચાલી રહ્યો છે. ઈડીએ ચિદમ્બરમની આગોતરા જામીન અરજીનો જોરદાર વિરોધ કર્યો હતો. ચિદમ્બરમ આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં હાલમાં સીબીઆઈ કસ્ટડીમાં છે.

### ગગનયાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા બાદ ચારેય અંતરિક્ષ યાત્રી ભારતમાં પરત ફરશે. સાથે સાથે વર્ષ ૨૦૨૨માં લોન્ચિંગ પહેલા કેટલીક અન્ય તૈયારી પણ કરનાર છે. બંને દેશોએ અંતરિક્ષ યાત્રીઓના દળને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે. બંને પક્ષો ટૂંક સમયમાં જ ક્રૂ મેમ્બર માટે સીટો, બારીઓ અને સ્પેશ ડ્રેસના સંદર્ભમાં કોન્ટ્રાક્ટ ઉપર હસ્તાક્ષર કરશે. રશિયા સ્પેશ મિશનમાં ભારતને ત્રણ પાસાઓ ઉપર મદદ કરી રહ્યું છે. રશિયામાં ભારતના રાજદૂત બીબી વેંકટેશ વર્માએ કહ્યું છે કે, સહકારને લઈને રશિયા ભારતીય ટીમને તાલીમ આપશે. આ પ્રથમ માનવયુક્ત અંતરિક્ષ મિશન છે. તેમની પાસે આ ક્ષેત્રમાં વધારે અનુભવ રહેલો છે. રશિયા વાસ્તવિક અભિયાનથી પહેલા ટ્રેનિંગ અભિયાન અને ત્યારબાદ જરૂરી પદ્ધતિને લઈને મદદ કરશે. ૨૭મી જૂનના દિવસે રોસ્કોમોસની સહાયક સંસ્થા ગ્લાવકોસ્મોસ અને ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરો દ્વારા અંતરિક્ષ યાત્રીઓની પસંદગી અને ટ્રેનિંગને લઈને સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા. મોદીના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ચારથી ૬ સપ્ટેમ્બર દરમિયાન રશિયામાં રોકાશે. એ વખતે ગગનયાનની સાથે સ્પેશ કો-ઓપરેશનના બીજા ક્ષેત્રમાં સહકારની રુપરેખા પર ચર્ચા કરાશે.

### યેચુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટને જાણ કરવા માટે સ્વતંત્ર રહેશે. સીપીઆઈએ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે, યેચુરીને કાશ્મીરમાં યુસુફ તારિગામીને મળવાની મંજુરી આપવામાં આવે. આ મુજબ સીતારામ યેચુરી ૨૯મી ઓગસ્ટના દિવસે શ્રીનગર જશે અને જમ્મુ કાશ્મીર અધિકારીઓની સુચના મુજબ આગળ વધશે તથા તારિગામીને મળીને પરત ફરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, યેચુરી કાશ્મીરથી પરત ફર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં શપથપત્ર દાખલ કરશે. યેચુરીએ ટ્વિટ કરતા કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટે તેમને શ્રીનગર જઈને તારિગામીને મળવા માટે મંજુરી આપી છે. કોર્ટે તેમને આરોગ્ય અંગે માહિતી મેળવવા માટે કહ્યું છે.

### સુર બદલ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન સમગ્ર દુનિયામાં ત્રાસવાદના સમર્થક દેશ તરીકે કુખ્યાત છે. કાશ્મીરમાંથી પરત કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે તેમને એવી બર્બરતાનો અનુભવ થયો છે જે બર્બરતા કાશ્મીરી લોકો હાલમાં સહન કરી રહ્યા છે. પાકિસ્તાનમાં રાહુલ ગાંધીના નિવેદનને પાકિસ્તાની નેતાઓ મુદ્દા તરીકે રજૂ કરી રહ્યા છે. બસપના નેતા માયાવતીએ પણ વિપક્ષી દળોની હરકતની ટિકા કરી હતી. જન્માષ્ટમીના દિવસે રાહુલ ગાંધીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે જમ્મુ કાશ્મીર જવાના પ્રયાસ કર્યા હતા. જમ્મુ કાશ્મીર જવા માટે આ લોકો વિમાન મારફતે રવાના પણ થયા હતા પરંતુ જમ્મુ કાશ્મીરમાં તેમને પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવી ન હતી. શ્રીનગરથી તેમને પરત ફરવાની ફરજ પડી હતી. શ્રીનગરથી તેમને પરત મોકલી દેવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ મોદી સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ સરકાર ઉપર આક્ષેપ કર્યા બાદ આની ચર્ચા પાકિસ્તાનમાં પણ થવા લાગી હતી. તેમને ટ્વિટને ત્યાંની સમાચાર સંસ્થા દ્વારા મહત્વ આપવામાં આવ્યું હતું. બીજી બાજુ પાકિસ્તાનના મંત્રી સુધી રાહુલ ગાંધીને જમ્મુ કાશ્મીરમાં પ્રવેશ કરવાની મંજુરી ન આપવાને લઈને મુદ્દો જમાવી રહ્યા હતા. કાશ્મીરની સ્થિતિને લઈને પાકિસ્તાની મિડિયા અને ઈમરાન ખાન સરકારના મંત્રી બોગસ સમાચારોના આધાર પર ખોટા પ્રચાર કરી રહ્યા હતા. આવી સ્થિતિમાં રાહુલ ગાંધીના નિવેદનથી પાકિસ્તાનમાં ખોટા પ્રચારને વેગ મળી રહ્યો છે. આખરે રાહુલ ગાંધીને આ બાબતનું ધ્યાન આવતા રાહુલ ગાંધીએ પણ ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરી છે. કાશ્મીરના મુદ્દે રાહુલ ગાંધીએ હવે સુર બદલીને અલગ નિવેદન કર્યા છે.